॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૦૩ | સોમવાર | તા.: ૧૨.૧૨.૨૦૨૨ | SDP No. : 963 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

મૅન્ડૂસને કારણે તામિલનાડુમાં અનેક વૃક્ષો ધરાશાયી, પાંચનાં મોત

: તામિલનાડુમાં ચક્રવાતી તોફાન મેન્ડૂસ ગઈ કાલે નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું હતું. જોકે એણે ચેન્નઈ અને એની આસપાસ ભારે વિનાશ વેર્યો હતો. અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ ગયાં હતાં. એટલું જ નહીં, ચેન્નઈ અને એના સબર્બ્સમાં ભારે વરસાદને કારણે એક પરિવારના બે સભ્યો સહિત પાંચ જણનાં મોત નીપજ્યાં હતાં.

ચેન્નઈમાં ગ્રેટર ચેન્નઈ કૉર્પોરેશન સહિતની સરકારી એજન્સીઓ તૂટીને પડી ગયેલાં વૃક્ષોને રસ્તા પરથી દૂર કરવાની કામગીરીમાં જોતરાઈ ગઈ હતી. આ શહેર અને એની આસપાસના વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો.

તામિલનાડુના રેવન્યુ અને ડિઝેસ્ટર મૅનેજમેન્ટ પ્રધાન કેકેએસએસઆર રામચન્દ્રને કહ્યું હતું કે શરૂઆતના અંદાજ અનુસાર ધારણા કરતાં મોટું નુકસાન થયું નથી. નવ હજારથી વધુ લોકો ૨૦૫ રિલીફ સેન્ટરોમાં છે. મેન્ડૂસને કારણે શુક્રવારે સવારે છ વાગ્યાથી ગઈ કાલે સવારે છ વાગ્યા દરમ્યાન ૩૦ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને કેન્સલ કરવામાં આવી હતી.

આંધ્ર પ્રદેશમાં પણ ભારે વરસાદ પડ્યો

આંધ્ર પ્રદેશમાં ગઈ કાલે સવારે મેન્ડૂસને કારણે દક્ષિણના કાંઠા વિસ્તાર અને રયલાસીમા જિલ્લામાં અનેક જગ્યાઓએ ભારે વરસાદ પડ્યો હતો. તિરુપતિ જિલ્લામાં નેદુપેટામાં ૨૪ કલાકમાં ૨૮૧.૫ મિલીમીટર વરસાદ પડ્યો હતો.

દક્ષિણ ગુજરાત માં યોજાશે લાકડા ઉદ્યોગ નો ગ્રીન ઇકોનોમિ માં અસર અંગે નો સેમિનાર



ગુજરાત ટિમ્બર મરચંટ ફેડરેશન ની આગામી કારોબારી સભા દક્ષિણ ગુજરાત નાં નવસારી માં આવેલ કૃષિ યુનિવર્સિટી માં આયોજીત કરવામાં આવેલ છે. અત્રે નોંધનીય બાબત એ છે કે લાકડા નું ઉત્પાદન કરતા વિવિધ વૃક્ષો ની માઇક્રો લેવલ ની માહિતી અને જાણકારી આપવા વૈજ્ઞાનિક છે. સાગ ની જાણકારી, મલબારી નીમ ની જાણકારી, નીલગીરી ની જાણકારી, બાબુ અને એના માંથી ફર્નિચર બનાવવા નો વર્કશોપ, આબા કે બાવળ જેવા વિવિધ દરેક પ્રકાર ના લાકડા આપતા વૃક્ષો ની સાયન્ટિફિક જાણકારી તજજ્ઞ દ્વારા આપવામાં આવશે જેને જેવી રુચિ...

કૃષિ નાં વિવિધ પાકો અને કીટાણુ થી દવા નાં ફળ અને છોડ પર સીધા છંટકાવ વિના પણ તેને કેમ ફળ માંખી થી સુરક્ષિત કરી સકાય..!!

ફોરેસ્ટ્રી કોલેજ પણ અત્રે છે. હર ઘર ની જરૂરત ના શાકભાજી કેમ ઘરે જ ઉત્પાદન કરી સકાય જેને કિચન ગાર્ડન ની ટ્રેનીંગ, રસોડું એક આરોગ્ય નું કેન્દ્ર કેમ બનાવી શકાય તેવી ટ્રેનીંગ અત્રે આપવામાં આવે છે. વૈવિધ્ય સભર જ્ઞાન વર્ધક કારોબારી સભા અને વન સંરક્ષક અધિકારીઓ, એગ્રિકલચર યુનિવર્સિટી રાજકીય નેતૃત્વ તેમજ લાકડા નાં વેપારી મહાજન ઉદ્યોગ કરો તેમજ વૃક્ષ ની ખેતી કરતા ખેડૂતો સાથે ગ્રીન ઈકોનોમી નાં કોન્સેપ્ટ નાં વાર્તાલાપ ને સમજવા પધારો..

GTMF

ગુજરાતમાં સરકારી બસોને GSRTC ઓપરેટ કરે છે અને તેનું પૂરું નામ "ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન" છે.

GSRTCના ગુજરાતમાં 16 Devision (વિભાગ) છે.
GSRTCએ બધા જ વિભાગોની બસો પર અલગ-અલગ નામ લખ્યા છે.
તેની લિસ્ટ તમે નીચે જોઈ શકો છો.
અમદાવાદ વિભાગની બસો પર "આશ્રમ" નામ લખેલું હોય છે.
અમરેલી વિભાગની બસો પર "ગિર" લખેલું હોય છે.
ભરુચ વિભાગની બસો પર "નર્મદા"
ભાવનગર વિભાગની બસો પર "શેત્રુંજય"
ભૂજ વિભાગની બસો પર "કચ્છ"
ગોધરા વિભાગની બસો પર "પાવાગઢ"
હિમ્મતનગરની બસો પર "સાબર"
જામનગર વિભાગની બસો પર "દ્વારકા"
જુનાગઢ વિભાગની બસો પર "સોમનાથ"
મહેસાણા વિભાગની બસો પર "મોઢેરા"
નડિયાદ વિભાગની બસો પર "અમુલ"
પાલનપૂર વિભાગની બસો પર "બનાસ"
રાજકોટ વિભાગની બસો પર "સૌરાષ્ટ્ર"
સુરત વિભાગની બસો પર "સૂર્યનગરી"
વડોદરા વિભાગની બસો પર "વિશ્વામિત્રી"
વલસાડ વિભાગની બસો પર "દમણ ગંગા"
આવી રીતે GSRTC ના 16 વિભાગ છે જેમાં બસ કયા વિભાગની છે તેના આધારે તેના કાચ ઉપર નામ લખેલું હોય છે.
સંયોજક_અંજુ ધોળું, ખારઘર

અવસાન નોધ

સ્વ: મણીબેન
મુળજીભાઈ પજવાણી
ઉમર : 70 વર્ષ
તા. 11-12-2022
કચ્છ માં ગામ ખોંભડી | હાલે નાગપુર

પ્રમાણિકતા સંસ્કાર કાજે આભાર વ્યક્ત.....

તારીખ 10/12/2022 ગઈકાલે ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં મહેમાન તરીકે પધારેલ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી જયસુખભાઈ પટેલ નો ફોન ખોવાઈ ગયેલ હતો

જયસુખભાઈ નો ફોન ખોવાયેલો હતો તે મળી ગયેલ છે

મનસુખભાઈ રાજાણી ના ભાઈના છોકરા ને મળેલ હતો એક પ્રમાણિકતા નો દાખલો બેસાડવા બદલ રામદેવપીર મંદિર સમિતિ વતી મનસુખભાઈ રાજાણી અને તેમના પરિવારનો તેમજ અરવિંદભાઈ રૈયાણી સાથે સાથે રામદેવજી મહારાજ સમિતિ મંડળના મિત્રોનો ખુબ ખુબ આભારી.....

લી.....
જયસુખભાઈ ડાયાણી
તાલુકા પંચાયત પ્રમુખ
નખત્રાણા (કચ્છ)

સુવાચ્ય અક્ષર લખવાની વૈજ્ઞાનિક પદ્ધતિ



નમસ્તે, આપની શાળા કે કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો કે અધ્યાપકો સુવાચ્ય અક્ષરે લખવાનું વિજ્ઞાન શીખી શકે છે.

તે માટે એક વર્ગ ચાર દિવસ સુધી રોજ એક કલાકની તાલીમ લઈ શકે છે. રોજ ચારથી પાંચ વર્ગોને ચાર દિવસ સુધી રોજ એક કલાક અક્ષરોનું વિજ્ઞાન હું શીખવતો હોઉ છું.સારા અક્ષર એ સારી કેળવણીનું એક અંગ છે જે આપ જાણો છો.

ખર્ચ: મારા ઘરેથી આપની સંસ્થા સુધી જવા આવવાનું ખર્ચ અથવા વ્યવસ્થા કરવાની હોય છે. સુરત બહારની સંસ્થાએ વધારામાં મારી રહેવા જમવાની સગવડ કરવાની રહે છે.આ ઉપરાંત જે તે સંસ્થા પોતાની ક્ષમતા અનુસાર ગુરૂ દક્ષિણા રૂપે જે રકમ આપવા ઇચ્છે તે આપી શકે છે.

વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓને લાભ આપવાનો આશય છે. આ માટે આપનો સાથ સહયોગ અને માર્ગદર્શન ઇચ્છું છું.

થોડામાં ઘણું...
આપણે આપણી વાડીમાં નાનકડું ને રૂપકડું જંગલ અને ખેત તલાવડી બનાવીએ અને પ્રકૃતિના સમૃદ્ધ અને હરિયાળા આશીર્વાદ મેળવીએ.
પરમ આનંદની અવિરત અનુભૂતિ પામીએ...

આભાર...
ડૉ. મૂળજીભાઈ ભલાણી, સુરત.
(Red SWASTIK SICIETY NGO_Gujarat)
મો.નં.7984053974

અભિનંદન ભવ્યેન ભગત, પુણે



It's my immense pleasure to inform you that, My Son Bhavyen Sanjay Patel Stood FIRST IN THE COUNTRY for this NPTEL (National Program on Technology Enhanced Learning) Exam- Introduction to Multimodal Urban Transportation System By IIT Kharagpur.

Warm Wishes
Sanjay M Bhagat
Alliance Developers
Pune.

કહેવત છે ને મોર નાં ઈંડા ને ચિતરવાના નાં હોય..!!

પુણે નાં જાણીતા મગનભાઈ ભગત નખત્રાણા નાં પૌત્ર ભવ્યેંન ભગત IIT khragpur થી સહુથી ટોપ પર પાસ

FIRST IN THE COUNTRY

for this NPTEL (National Program on Technology Enhanced Learning) Exam- Introduction to Multimodal Urban Transportation System By IIT.ઉત્તીર્ણ કરવા બદલ પોતાના ટેલેન્ટ અને નોલેજ ને પ્રોત્સાહિત કરીએ છે..પરીવાર નું ગૌરવ વધારેલ છે. પિતા સંજય ભગત બાળકો ને અભ્યાસ માટે ખૂબ પ્રોત્સાહિત કરવા બદલ સહુ નો આભાર વ્યક્ત કરે છે..

સંયોજક, રીના પોકાર, pune

મહિલા સંઘ દ્વારા વિવિધ વિસ્તાર નાં મહિલા શકિતઓ નાં સંગઠન ની રચના- - અરવલ્લી

સમાજ ના ઝોન અને યુવાસંઘ નાં રીજીયન ની જેમ ૨૫ વર્ષ ની રજત જયંતિ નિમિતે મહિલા સંઘ નાં જશોદાબેન નાંકરાણી પ્રમુખ દ્વારા સ્ત્રી શકિતને સંગઠન ને પણ મજબૂત માળખું અને વૈવિધ્ય સાથે ઊર્જા વાન નેતૃત્વ પણ કેન્દ્રીય મહિલા સંઘ ને પ્રાપ્ત થાય તેવા પ્રયાસ કરવા જરૂરી છે. આથી ભારત ભર માં કેટલાક ઝોન સમાજ દ્વારા મહિલા શક્તિ નાં સંગઠન નિર્માણ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ.આ મહિલા સંગઠન ને શકિતપીઠ પણ કહી શકાય.

મહિલા શકિતઓ નાં વિભાગીય સંગઠન માં અરવલ્લી ઝોન માં શક્તિ પીઠની રચના#

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર
અરવલ્લી ઝોન - મહિલા સંઘ
હોદ્દેદારો અને કારોબારી સમિતિ

૧	પ્રમુખ	જયાબેન જયંતિભાઈ છાભૈયા	ધનસુરા	૮૧૫૫૦ ૪૦૦૬૦
૨	ઉપપ્રમુખ	મધુબેન પ્રવિણભાઈ નાકરાણી	દહેગામ	૯૪૨૮૬૬ ૧૪૯૨૯
૩	મહામંત્રી	રસીલાબેન હસમુખભાઈ ધોળુ	ગણેશપુરાકંપા	૯૪૨૮૯ ૬૪૦૮૦, ૬૩૫૪૭ ૪૫૮૦૨
૪	સહમંત્રી	મીનાબેન કમલશેભાઈ સેંધાણી	બાયડ	૬૩૫૩૯ ૬૭૯૦૬
૫	ખજાનચી	રસીલાબેન ભરતભાઈ છાભૈયા	તખતગઢ	૯૪૨૯૮ ૩૫૮૮૭
૬	સહ ખજાનચી	અનસુયાબેન અરવિંદભાઈ માકાણી	સજ્જનપુરાકંપા	૮૧૪૧૨ ૫૭૦૧૪
૭	કા. સભ્ય	હેમાંગીબેન પ્રમોદભાઈ છાભૈયા	માધવકંપા	૯૪૨૯૬ ૫૪૦૨૪
૮	કા. સભ્ય	હંસાબેન અરવિંદભાઈ નાકરાણી	દહેગામ	૯૧૫૫૮ ૧૨૨૪૭
૯	કા. સભ્ય	ભગવતીબેન શાંતિભાઈ ભોજાણી	બાયડ	૯૪૨૯૬૬ ૬૨૨૮૮
૧૦	કા. સભ્ય	ઈલાબેન અરવિંદભાઈ માવાણી	ધનસુરા	૭૮૭૪૮ ૯૮૮૦૯
૧૧	કા. સભ્ય	ઉર્મિલાબેન પીરજભાઈ ભોજાણી	તખતગઢ	૬૩૫૩૭ ૩૦૪૩૫

રસીલાબેન હસમુખભાઈ ધોળુ, ગણેશપુરા. મહામંત્રી,

જયાબેન જયંતિભાઈ છાભૈયા. ધનસુરા. પ્રમુખશ્રી

મિશન આરોગ્ય અભિયાન નિશુલ્ક સાયરા કચ્છ

નખત્રાણા તાલુકાનાં સાંયરા યક્ષ ગામમાં આંખોના તમામ રોગો નો ફ્રી નિદાન,ફ્રી સારવાર અને ફ્રી ઓપરેશન કેમ્પ નો લાભ લો.

કે સી આર સી (અંધજન મંડળ) હૉસ્પિટલ ભુજ, ગાયત્રી પરિવાર નલિયા, સાંયરા પાટીદાર સમાજ અને ગ્રામ પંચાયત તેમજ સાંયરા યક્ષ ગામના સેવાભાવી સજ્જનો દ્વારા સયુંકત આયોજિત આંખો નાં તમામ રોગો જેવા કે મોતિયો -છારી- જામર-વેલ-કીકી-પડદા, પરવાળા,આંખ લાલ થવી,આંખ માંથી પાણી પડવા, ફુલ્લા,ત્રાંસી આંખ, આંજણી, નાસૂર વિગેરે તમામ રોગો ની તપાસણી નિદાન કે.સી.આર.સી. (અંધ જન મંડળ) ભુજના નિષ્ણાંત ડોકટરો કરશે અને દવા ટીપાં સંસ્થા તરફ થી નિશુલ્ક આપીને સારવાર કરશે.

આંખનાં મોતીઆના -વેલના ઓપરેશન લાયક દર્દીઓને કે.સી.આર.સી.આઇ હોસ્પિટલ ભુજ માં ટાંકા વગર નાં ઓપરેશન અમદાવાદ ના નિષ્ણાત ઓપથોલ સર્જન ડૉ.આશિત પટેલ દ્વારા બે દિવસની તારીખ આપીને ફ્રી કરી અપાશે. ઓપરેશન પછી નાં દવા ટીપાં અને કાળા ચશ્મા પણ ફ્રી અપાશે. આંખ ના નંબર ફ્રી કાઢી ને ચશ્મા પણ સંસ્થા તરફથી ટોકન ચાર્જ માં અપાશે.

પડદા વાળા ના,છારી વાળા ના, જામર વાળા ના, ત્રાંસી આંખ વાળા ના, કીકી કે ફુલ્લા વાળા ના તેમજ આંખના જરૂરી કોઈપણ મોંઘા ઓપરેશન અને વધારે જરૂરી મોંઘી સારવાર પણ કચ્છ માં અગર કચ્છ બહાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર પ્રેરિત "ધન લક્ષ્મીબેન આઈયા સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ નલિયા" મારફત રાહત દરે અને જરૂરિયાત વાળા ને ફ્રી પણ કરી અપાવવા ની વ્યવસ્થા થઈ જશે.

તા.૧૪.૧૨.૨૨ બુધવાર.
સમય. સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ સુધી.
સ્થળ. પ્રા.શાળા કોમ્યુનિટી હોલ. સાંયરા યક્ષ.
સંપર્ક સૂત્રો,
હરેશભાઈ ઠક્કર નલિયા ગાયત્રી પરિવાર, ૯૯૭૯૭૯૮૫૫૫.
પચાણભાઇ ગઢવી, કે.સી.આર.સી ભુજ. ૮૮૪૯૮૬૭૭૦૮.

સ્થાનિક સેવાભાવી સંપર્ક સૂત્રો.
ધીરુભાઈ પટેલ. ૯૮૨૫૬૭૯૧૧૬.
કમળાબેન ધીરુભાઈ પટેલ, (સરપંચશ્રી) ૯૮૨૫૬૭૯૧૧૬.
લાલજીભાઈ બી.પટેલ. ૮૪૬૯૭૧૧૦૯૬.
રમેશભાઇ સોની. પત્રકાર. ૯૪૨૬૬૮૮૪૩૩.
જયંતિભાઈ પટેલ. ૯૪૨૭૬૬૧૬૩૯
હરેશભાઈ જોશી. ૯૪૦૮૦૨૧૯૫૧.
હસમુખભાઈ બી. પટેલ. ૭૦૪૩૨૩૨૪૩૬.
શાંતિલાલ મૂલજી ૯૪૨૭૬૦૧૬૩૯.
અરવિંદભાઈ પટેલ, સાંયરા/ મોરબી. ૯૭૨૫૭૭૩૯૩૪.

આરોગ્ય અભિયાન



વિથોણ માં આરોગ્ય કેમ્પ અને બીડદા મધ્યે સર્વ રોગ નિદાન કેમ્પ અને જરૂરતમંદ લોકોને કચ્છ માં લાભ લેવા વિનંતી છે

વધુ માહિતી માટે
એરિયા પ્રતિનિધિ :-
શાંતિલાલ નાયાણી - વિથોણ
મો. 9428896983
9664772575

શ્રી રામદેવજી મહારાજ મંદિર સમિતિ - ધડમ ડુંગર નખત્રાણા - કચ્છ આયોજીત પાટીદાર પ્રીમિયર લીગ...

તારીખ 10/12/2022 દિવસ - 17 મો દિવસ

૧ - ફાઇનલ મેચ

આર્યે એવેન્જરસ - (નારાયણ XI - વિરાણી) (12 Over) [151 / 06] Vs બાબેરી બ્લાસ્ટર (ગણેશ XI - નખત્રાણા) [12 Over - 56/10]

મેન ઓફ ધ મેચ - દિનેશ નાકરાણી [32 બોલ 79 - રન] [3 - ઓવર 13 - રન. 2 - વિકેટ]

મેન ઓફ ધ સિરીઝ - દિનેશ નાકરાણી [7 મેચ 304 રન 11 વિકેટ]

બેસ્ટ બેસ્ટમેન - અરુણ ભવાણી [7 મેચ - 286 રન]
બેસ્ટ બોલર - મિત પાંચાણી [7 મેચ - 17 વિકેટ]
બેસ્ટ ફિલ્ડર - કિશન નાથાણી [7 મેચ - 15 કેચ]
બેસ્ટ વિકેટે કિપર - જયસુખ વેલાણી [7 મેચ - 12 કેચ]
ફાસ્ટેડ સેન્ચ્યુરી - ભાવિક પોકાર [32 બોલ 100 રન]
ફાસ્ટેટ ફિફટી - દીક્ષિત ચૌધરી [13 બોલ 50 રન]
હાઈએસ્ટ રન ઇન ઇનિંગ્સ - ભાવેશ લિબાણી [37 બોલ 115 રન]
વ્યક્તિગત હાઈએસ્ટ છગ્ગા - અરુણ ભવાણી [34 છગ્ગા]
વ્યક્તિગત હાઈએસ્ટ ફોર - સંદીપ ભીમાણી [17 ફોર]
હાઈએસ્ટ વિકેટ ઇન ઇનિંગ્સ - વેદાંગ જબુવાણી [5 વિકેટ]
હાઈએસ્ટ રન ઓફ ટોટલ ટીમ - [ઉમા ઇલેવન - રવાપર - 12 ઓવર - 216 રન]
અમેઝિંગ પ્લેયર ઓફ ટુર્નામેન્ટ - રોશન દિવાણી

Wining Moment....

રાત્રે 3:00 વિરાણી ની ટીમ વિજેતા બની ને ધીણોધર જવા માટે નીકળ્યા હતા

રામદેવ મહારાજ મંદિર ધડમ ડુંગર, નખત્રાણા ફાઈનલ મેચ પરિણામ

નખત્રાણા નિલકંઠ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં વિરાણી મોટી ની ટીમ કાલે રાત્રે ફાઈનલમાં જીત હાસલ કરતા આજે વહેલી સવારે દાદા ધોરમનાથ ના દર્શન માટે વિરાણી મોટીના ભાઈઓ દર્શન કરી માથું ટેકવ્યુ હતુ.....

ધીણોધર પર્વત..

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205